
## ૭. ગાઓ.

કાગડો કાળો ને કા...કા... કરે,
કાગડો ઊંચે આકાશે ઊડે.
કોયલ કાળી ને કુહૂ-કુહૂ કરે.
કોયલ આંબાની ડાળે ઝૂલે.
કબૂતર ભોળું ને ઘૂ-ઘૂ કરે.
કબૂતર ફેરફૂદરડી ફરે.
પોપટ લીલો ને મીઠું-મીઠું બોલે.
પોપટ ડાળે બેસીને ડોલે.
ચકલી નાની ને ચીં...ચીં... કરે.
ચકલી ફરરર-ફરરર ઊડે.

– રમેશ પારેખ

## ૮. રંગ પૂરો.



૯. ટપકાં જોડો અને લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભ | ભ | ભ | ભ | ભ | ભ |
| | | | | | |
| ય | ય | ય | ય | ય | ય |
| | | | | | |
| ધ | ધ | ધ | ધ | ધ | ધ |
| | | | | | |
| ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ |
| | | | | | |
| ઐ | ઐ | ઐ | ઐ | ઐ | ઐ |
| | | | | | |
| ઔ | ઔ | ઔ | ઔ | ઔ | ઔ |
| | | | | | |

૧૦. લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ભો | ભો | ભો | ભો | | | | |
| ભૌ | ભૌ | ભૌ | ભૌ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| યો | યો | યો | યો | | | | |
| યૌ | યૌ | યૌ | યૌ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધો | ધો | ધો | ધો | | | | |
| ધૌ | ધૌ | ધૌ | ધૌ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્ષો | ક્ષો | ક્ષો | ક્ષો | | | | |
| ક્ષૌ | ક્ષૌ | ક્ષૌ | ક્ષૌ | | | | |

૧૧. વાંચો અને લખો.

| | |
|---|---|
| સૌ | કૌશિક |
| પૌંઆ | સૌરભ |
| ગૌશાળા | ભૌતિક |
| ગૌતમ | ભૌમિક |
| ગૌરવ | સૌરવ |

ભીંડાંનું શાક

ગાયનાં શિંગડાં

હાથીની પૂંછડી


રેતીનો ઢગલો


બોરનો ઠળિયો

કાચની શીશી

લાકડાની ખુરશી

## ૧૨. દોરતાં શીખો.





## ૧૩. ઉદાહરણ પ્રમાણે લખો.

| | | | |
|---|---|---|---|
| ભર | ભરો | તર | |
| ભણ | | વાંચ | |
| ફર | | નાચ | |
| જમ | | ચાલ | |

## ૧૪. ચીટકકામ

સમાચારપત્રોમાંથી પંખીઓનાં ચિત્રો કાપીને ચોંટાડો અને નામ લખો.

૧૫. મનગમતા પંખીના પીંછાં ચોંટાડો.

## ૧૬. નવો શબ્દ લખો.

ભારત + જીવન → ભાજી

ફટાકડા + જામફળ → 

ગાજર + ઉદય → 

મગધ + જાનવર → 

ફોગટ + કાનમ → 

ભાજી + રણ + સાત → 

ઈલા + યશ + વાળ → 

ભૌમિક + તિલક + કબાટ → 

નૌતમ + શારદા + દશક → 

## ૧૭. લખો.

| પક્ષી | રંગ | અવાજ |
|---|---|---|
| કોયલ | કાળી | કુહૂ...કુહૂ... |
| પોપટ | | |
| મોર | | |
| કાગડો | | |
| ચકલી | | |
| કાબર | | |
| કબૂતર | | |

## ૧૮. જોડો અને ચિત્ર પૂર્ણ કરો.

# શિક્ષકો માટે

- વિદ્યાર્થીઓને મજા પડે તે રીતે વાર્તા કહી સંભળાવો. વિદ્યાર્થીઓને આ વાર્તા નાટકરૂપે ભજવતાં શીખવો. વિદ્યાર્થીઓ આ વાર્તા રજૂ કરે એ માટે તેઓને પ્રોત્સાહિત કરો.

(૧) વાર્તા આધારિત પ્રશ્નોના ઉત્તર મેળવવા.

(૨) આપેલ ચિત્રમાં લખેલા મૂળાક્ષરોને ઓળખી તેમાં રંગ પૂરાવો.

(૩) વિદ્યાર્થીઓને મેદાનમાં લઈ જઈ 'આવ રે કાગડા કઢી પીવા' રમત રમાડવી.

**રમત : આવ રે કાગડા કઢી પીવા...**

દાવ આપનાર એક જણ સિવાયના બાકીના ઢીંચણ પર હથેળી રાખી હારમાં કે ગોળમાં બેસશે. દાવ આપનાર થોડે દૂર જશે. હવે રમાડનાર કાંકરી હાથમાં લઈ, બધાએ ઢીંચણ પર મૂકેલી હથેળીમાં પોતાનો કાંકરીવાળો હાથ વારાફરતી ઘાલી કોઈની હથેળીઓમાં કાંકરી મૂકી દશે. આ પછી બધા બેઠેલા બોલશે કે,

''ચણ ચણ બગલી ચણાની દાળ,
હું પપૈયો તું મગદાળ,
આટીયાં પાટીયાં ભોંયમાં દાટીયાં
આવ રે કાગડા કઢી પીવા...''

કેટલીક જગ્યાએ ઉપરોક્ત જોડકણાંને સ્થાને...

કાગડા કાગડા કઢી પીવા આવ, શેર કંકુ લેતો આવ...
મારામાં કાંકરી ખૂંચે છે
સોનાની કાંકરી ખૂંચે છે
મારામાં કાંકરી ખૂંચે છે
રૂપાની કાંકરી ખૂંચે છે
આવ રે કાગડા કઢી પીવા

એમ પણ ગવાય છે.

આ સાંભળતાં દાવ આપનાર બધાની પાસે કા... કા... કા... કરતો આવશે અને કાંકરીવાળાને ખોળી કાઢવા પ્રયત્ન કરશે. આ વખતે બધા બેઠેલા છોકરા બોલશે કે ''હાશ, કાંકરી ખૂંચે છે.'' અથવા ''મારામાં કાંકરી ખૂંચે છે, સોનાની કાંકરી ખૂંચે છે.'' આમ બોલતાં બોલતાં દરેક પોતાનો પગ ઊંચો નીચો કરે. દાવ દેનાર થોડીવાર અવલોકન કરે તે પછી... જો દાવ આપનાર કાંકરીવાળા બાળકને ખોળી શકે તો તેને માથેથી દાવ ઊતરી જશે. અને તે કાંકરીવાળા બાળકને માથે દાવ આવશે. જો તે ખોળી ન શકે તો તેના માથે દાવ ચાલુ રહેશે અને ફરીથી એ જ પ્રમાણે રમત આગળ ચાલશે.

(૪) વિદ્યાર્થીઓને આ કાવ્યપંક્તિઓ ગાઈ સંભળાવો.

(૫) આપેલા શબ્દો સંભળાવો અને બોલાવો.

(૬) પોપટના ચિત્રમાં રંગપૂરણી કરાવો.

(૭) કાગડો કાળો... ગીત ગવડાવો.

(૮) ભ, ય, ધ, ફમાં વિદ્યાર્થીઓ પાસે રંગ પૂરાવી પરિચય આપો.

(૯) ટપકાં જોડો અને લખાવો તેમજ કાનો માત્ર અને કાનો બે માત્રાવાળા અક્ષરોનો મહાવરો કરાવો.

(૧૦) આ એકમમાં ભ, ય, ધ, ફ. આ ચાર મૂળાક્ષર શીખવવાના છે. ધ અને ઘ તેમજ ક અને ફ વચ્ચે લખવામાં શો તફાવત છે તે સમજાવવું. તેમાં લેખનના વળાંકની ખાસ સમજ આપવી.

(૧૧) વંચાવો અને લેખન કરાવો.

(૧૨) પક્ષીઓનાં ચિત્રો દોરતાં શીખવો.

(૧૩) ઉદાહરણ પ્રમાણે લખાવો.

(૧૪) પક્ષીઓના ચિત્રો કાપી ચોંટાડવાની પ્રવૃત્તિ કરાવો.

(૧૫) મનગમતા પંખીનું પીંછું ચોંટાડાવો.

(૧૬) આપેલ શબ્દોમાંથી સરખા રંગવાળા મૂળાક્ષરો લઈ નવો શબ્દ લખાવડાવો.

(૧૭) પક્ષીઓના રંગ અને તેમના અવાજનું લેખન કરાવો.


(૧૮) પ્રાણી અને પક્ષીનું ચિત્ર પૂંઠા પર ચોંટાડવું. ચિત્રના ભાગોને કાપી આ ભાગો જોડાવી આખું ચિત્ર પૂર્ણ કરવું.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ભ, ય, ધ, ફ | કાનો માત્રા સાથે, ( ો )<br>કાનો બે માત્રા સાથે ( ૌ ) | – |

◆

# ૧૦ : વડદાદા



જતીન એના દાદા સાથે ફરવા ગયો. ગામના પાદરે એક મોટું ઝાડ તેણે જોયું. ઝાડ હતું વડનું. વડ જોઈ જતીન રાજી થઈ ગયો.

લાલ લાલ ટેટા જોઈ જતીને કહ્યું : 'દાદાજી, આ શું છે ?' દાદાજી કહે : 'આ વડદાદાનું ફળ છે.'

જતીન દાદાના ખભા ઉપર બેસીને પાન જોવા લાગ્યો. વડદાદાને તો મોટાં મોટાં પાન હતાં. પાન પણ લીલાં લીલાંછમ. વડદાદાનું થડ તો ખૂબ જાડું હતું. જતીને થડને બાથ ભરી પણ થડ બાથમાં ન આવ્યું.

વડલા ઉપર જતીને નજર નાખી તો એની ડાળ ઉપર એક વાંદરો બેઠો હતો.

પાદરે એક કેસૂડાનું ઝાડ પણ હતું. કેસૂડાં જોઈને જતીન રાજી રાજી થઈ ગયો.

જતીનની નજર વડદાદાના થડની નીચે પડી. તો વડદાદાનો આ ભાગ જમીનની અંદર જતો હતો. જતીને એ ખેંચી જોયું, પણ ખેંચાયું નહિ. એના દાદાને પૂછ્યું : 'દાદાજી આ શું છે ?' દાદાજીએ જવાબ આપ્યો : 'આ વડનું મૂળ છે. ઉપરથી લટકતાં દેખાતાં પણ મૂળ જ છે. એમને વડવાઈ કહેવાય. જતીને એને લટકી જોયું એને હિંચકા ખાવાની મજા પડી.'

## નવા શબ્દો

બાથ ◆ પાદર ◆ વડવાઈ

### ૧. જવાબ આપો.

(૧) તમે કયા કયા ઝાડ જોયા છે ?

(૨) આંબો આપણને કયું ફળ આપે છે ?

(૩) કેરી, જામફળ, બોર શું કહેવાય ?

(૪) ઝાડનો કયો ભાગ લીલોછમ હોય છે ?

(૫) જમીનની અંદર ઝાડનો કયો ભાગ હોય છે ?

(૬) ઝાડનો સૌથી જાડો ભાગ કયો હોય છે ?

(૭) થડમાંથી જુદા પડતા ફાંટાઓને શું કહેવાય ?

(૮) તમે કયા કયા ફૂલ જોયાં છે ?

(૯) વડના લટકતા મૂળને શું કહેવાય ?

### ૨. ગાઓ.

વડદાદાની લાંબી દાઢી લાંબા લાંબા વાળ,
ઑળમ્ કોળમ્ રમતાં રમતાં ભૂલા પડ્યાં બાળ.
ઓ વડદાદા આપો ટેટા રાતા ને વળી મોટા,
પછી રમીશું આઘે જઈને આટા ને વળી પાટા.

ગાઓ.

## જાંબુડો

જાંબુડો કોણે વાવ્યો ? કોણે વાવ્યો ? કોણે વાવ્યો રે...?
જાંબુડો અમે વાવ્યો, તમે વાવ્યો, સૌએ વાવ્યો રે...
પાણી કોણે પાયું, કોણે પાયું, કોણે પાયું રે...?
પાણી અમે પાયું, તમે પાયું, સૌએ પાયું રે...
જાંબુડો કેવડો થયો ? કેવડો થયો ? કેવડો થયો રે...?
જાંબુડો આટલો થયો, આટલો થયો,
આટલો થયો રે...
જાંબુડાં કેટલાં થયાં ? કેટલાં થયાં ? કેટલાં થયાં રે ?
જાંબુડાં આટલાં થયાં, આટલાં થયાં, આટલાં થયાં રે.
જાંબુડાં કોણે ખાધાં ? કોણે ખાધાં ? કોણે ખાધાં રે ?
જાંબુડાં અમે ખાધાં, તમે ખાધાં, સૌએ ખાધાં રે.
જાંબુડો કોણે વાવ્યો ? કોણે વાવ્યો ? કોણે વાવ્યો રે...?

– શામજીભાઈ જમોડ
– તારાબહેન જમોડ